# ASEAN Regional Forum Foreign Ministers Meeting

September 12, 2020

## ASEAN પ્રાંતિય મંચનાં વિદેશ મંત્રીઓની બેઠક

સપ્ટેમ્બર 12, 2020

વિયેતનામની અધ્યક્ષતામાં 12 સપ્ટેમ્બર 2020 નાં રોજ વ્યચુઅલી યોજવામાં આવેલી ASEAN પ્રાંતિય મંચ (ARF) ની વિદેશ મંત્રીઓની બેઠકમાં રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી શ્રી વી. મુરલીધરને ભાગ લીધો હતો.

27મી ARF વિદેશ મંત્રીઓની મીટિંગ (FMM) માં આંતરરાષ્ટ્રિય અને પ્રાંતિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. રાજ્ય કક્ષાનાં મંત્રીએ ઇન્ડો-પેસિફિક ઓશન્સ ઇનિશિએટિવ પર, આતંકવાદનો ખતરો, UNCLOS ફ્રેમવર્કનાં સંદર્ભમાં દરિયાઇ મુદ્દાઓ અને કોવિડ-19 માટેનાં સંયુક્ત પ્રતિભાવ માટેનાં સહકાર પર ભારતનાં દ્રષ્ટિકોણો રજૂ કર્યા હતા.

ARF મંત્રીઓએ ત્રણ સ્ટેટમેન્ટ્સ ગ્રહણ કર્યા હતા જેઓનાં નામ આ મુજબ છે, ચેપી રોગનાં ફેલાવાઓને અટકાવવા અને પ્રતિભાવ અપવા સહકાર વધારવો; આતંકવાદી જૂથો દ્વારા ભરતી કરવામાં અથવા તેઓ સાથે સંકળાયેલા બાળકોની સારવાર; અને આંતરરાષ્ટ્રિય સુરક્ષાનાં સંદર્ભમાં ICT નાં ઉપયોગની અને ઉપયોગમાં સુરક્ષાનાં ક્ષેત્રમાં સહકાર.

ભારત મેરિટાઇમ સુરક્ષા; આતંકવાદનો સામનો કરવો; ઇન્ફર્મેશન અને સંચાર ટેકનોલોજીઓ (ICTs); અને આપત્તિમાં રાહત પરની વિવિધ ARF પ્રવૃત્તિઓ અને પહેલમાં જોડાય છે. આ બેઠક દરમિયાન 2020-21 માટે મંજુર કરવામાં આવેલી ARF પ્રવૃત્તિઓ અંતર્ગત, ભારત ઇન્ટરનેશનલ શિપ એન્ડ પોર્ટ ફેસિલિટી સીક્યુરિટી કોડ (ISPS કોડ) અને ઇમ્પ્લિમેન્ટિંગ યુનાઇટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઑફ સી (UNCLOS) અને અન્ય આંતરરાષ્ટ્રિય સંહિતાઓ પર વર્કશોપની સહ-અધ્યક્ષતા કરશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.